# સંસદના બજેટ સત્રનો પુનઃ તોફાની પ્રારંભ

નવી દિલ્હી,તા. ૨૦

સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની ધારણા પ્રમાણે જ આજે તોફાની શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અંગે નિવેદનને લઈને હોબાળો રહ્યો હતો. બીજી બાજુ ભારે ધાંધલ ધમાલ વચ્ચે જમીન વટહુકમ વિરોધ પક્ષોના હોબાળા વચ્ચે રજૂ કરવામાંઆવ્યો હતો. જમીન બિલ સામેના વિરોધમાં લોકસભામાંથી ટીએમસીએ વોકઆઉટ કર્યો હતો. સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવ, સોનિયા ગાંધીએ અને રાહુલ ગાંધીએ જમીન બિલને લઈને સરકારનો સામનો કરવા વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી છે. યમનમાંથી લોકોને ખસેડવાના મુદ્દે વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે મહત્વપૂર્ણ નિવેદન કર્યું હતું. વિરોધ પક્ષના વિરોધ વચ્ચે સરકારે લોકસભામાં જમીન બિલ રજૂ કર્યું હતું. આજે તમામ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહની કાર્યવાહી પણ ખોરવાઈ હતી. આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર જારી રહ્યો હતો. જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગીરીરાજસિંહના નાઈઝિરિયન લેડી ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. જો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈપણ ટિપ્પણી કરી ન હતી. માત્ર સહકારની રજૂઆત કરી હતી. સત્રની શરૂઆત થાય તે પહેલા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે સરકાર કેટલાક મુદ્દા પર રચનાત્મક ચર્ચા કરવા માટે તૈયાર છે. જમીન બિલ ભારે ચર્ચા જગાવે તેવી શક્યતા છે. મોદીએ કહ્યું છે કે સત્ર પરિણામલક્ષી બને તે જરૂરી છે. બજેટ સત્રના બીજા તબક્કામાં ભારે ધાંધલ ધમાલ થયા તેવી શક્યતા છે. એકબાજુ મોદી સરકાર વિરોધ પક્ષોના આક્રમક પ્રહારોનો સામનો કરવા માટેની તૈયારી કરી ચુકી છે. જ્યારે બીજી બાજુ કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો જમીન અધિગ્રહણ બિલને લઈને સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સંસદનુ બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૫ના દિવસે શરૂ થયું હતુ. જેના ભાગરૂપે મોદી સરકારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કર્યુંહતુ. બજેટ સત્રનો બીજો ભાગ હવે આઠમી મે સુધી ચાલશે. બજેટ સત્ર ભારે તોફાની બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વિપક્ષ વિવિધ મુદ્દે આક્રમક મુડમાં છે. ખાસ કરીને જમીન બિલ અને કાશ્મીરમાં હિંસાનો મુદ્દો છવાય તેવી શક્યતા છે.વિદેશ પ્રદાન સુષ્મા સ્વરજો ધાંધલ વચ્ચે યમનમાં ભારતીય લોકોને ખસેડી લેવા માટેના સફળ ઓપરેશનની વાત કરી હતી. રાજીવ પ્રતાપ રૂડી દ્વારા જમીન અધિગ્રહણ સુદારા વટહુકમ રજૂ કરવામાં આવ્યો હતો. જમીન બિલને લઈને મોદી સરકાર હાલ ટિપ્પણીનો સામનો કરી રહી છે.



## સલમાન કેસ : આજે ચુકાદાની તારીખ જાહેર કરાય તેવી વકી

મુંબઈ,તા. ૨૦

મુંબઈની સેશન કોર્ટે બોલીવુડ સુપર સ્ટાર સલમાન ખાનને આવરી લેતા ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં ચુકાદાની તારીખ આવતીકાલે જાહેર કરશે. ૧૩ વર્ષ જુના આ કેસમાં સલમાન ખાન આરોપી છે. હવે આવતીકાલે ચુકાદાની તારીખ જાહેર કરવામાં આવશે. આજે જણાવવામાં આવ્યું હતું કે, ડિફેન્સ અને પ્રોસીક્યુશનની વધુ રજૂઆત કરવા માટે વધુ સમય આપવામાં આવશે નહીં. આ કેસમાં પ્રોસીક્યુશન દ્વારા દલીલો પુરી કરી લેવામાં આવી છે. પ્રોસીક્યુશન દ્વારા કુલ ૨૭ સાક્ષીઓની ચકાસણી કરી છે જ્યારે ડિફેન્સ દ્વારા એક માત્ર સલમાન ખાનના ડ્રાઈવર અશોકસિંહની ચકાસણી કરવામાં આવી છે. સેશન કોર્ટ નવેસરથી ટ્રાયલ ચલાવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના મામલામાં આક્ષેપોનો સામનો કરી રહેલા સલમાન ખાન માટે કાયદાકીય ગુંચનો દોર અકબંધ રહ્યો છે. ૧૩ વર્ષ જુના હિટ એન્ડ રન કેસના મામલામાં હવે ચુકાદાનો સમય નજીક આવી ગયો છે. સેશન કોર્ટમાં નવેસરથી ટ્રાયલ ચાલી રહી છે.

અગાઉ મેજીસ્ટ્રેટની કોર્ટે ચાર્જને અપગ્રેડ કર્યા હતા. ઘણીબધી અરજીઓ કોર્ટ સમક્ષ રહેલી છે. જેમાં એમપણ જણાવાયું છે કે, અભિનેતાની બેદરકારીના કારણે એક વ્યક્તિનું મોત થયું નહતું બલ્કે બનાવ બાદ કાર નીચે કચડાઈ જવાથી મોત થયુંહતું. ડિફેન્સ વકિલે એમપણ કહ્યુંહતુંકે અભિનેતાની સ્થિતિ પણ બનાવના દિવસે સારી નહતી. સલમાનના ડ્રાઈવર દ્વારા આ ગાડી ચલાવવામાં આવી રહી હતી. બીજીબાજુ પ્રોસીક્યુસનની દલીલ છે કે આ કેસમાં પુરાવાને ખોટી રીતે રજુ કરાઈ રહ્યા છે. દોષિત ઠેરાવવામાં આવશે તો સજાની જોગવાઈ રહેલી છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદ્રામાં સલમાનની ગાડી બેકરીમાં ઘુસી જતાં બહાર ઉંઘી રહેલા એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. સલમાન ખાન ઉપર બોલીવુડમાં હાલ જંગી નાણા લાગેલા છે.

## અચ્છે દિનની વાત ખોરવાઈ ગઈ : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૨૦

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી સંસદના બજેટ સત્રના બીજા તબક્કાના પ્રથમ દિવસે આજે ગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર સામે આક્ષેપો કરીને નિવેદન પણ કર્યું હતું. બજેટ સત્રના બીજા તબક્કાના પ્રથમ દિવસે કાર્યવાહી શરૂ થવાની સાથે જ રાહુલ ગાંધી સંસદમાં પહોંચ્યા હતા. રાહુલ ગાંધીએ તેમના આક્રમક અંદાજમાં કહ્યું હતું કે, સરકાર ખેડૂત અને મજદૂરોને નુકસાન પહોંચાડી રહી છે. આવનાર દિવસોમાં તેઓ સરકારને નુકસાન પહોંચાડશે. રાહુલે કહ્યું હતું કે, ભાજપના નેતાઓ કહે છે કઈ અને કરે છે કંઈ. રાહુલે એમ પણ કહ્યું હતું કે, દેશમાં ૬૦ ટકા લોકો ખેતી ઉપર આધારિત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આંકડાઓને સારીરીતે સમજે છે છતાં આ સાત ટકા લોકોને તેઓ કેમ નુકસાન પહોંચાડી રહ્યા છે તે બાબત અમને સમજાતી નથી. રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાનના શૂટબુટને લઈને ટિપ્પણી કરવામાં નહીં આવે તે બાબત સમજી શકાય તેવી છે. રાહુલ ગાંધીના ભાષણ વચ્ચે ભાજપના સાંસદ વેંકૈયા



નાયડુએ દરમિયાનગીરી કરતા કહ્યું હતું કે, શુટબુટની વાતને લઈને બિનજરૂરી ટિપ્પણી કરવામાં ન આવે તે જરૂરી છે. ભાજપની શુટબુટની સરકાર ઉદ્યોગપતિઓ અને મોટા લોકોની સરકાર છે. વડાપ્રધાન ખેડૂતો સાથે સીધીરીતે વાત કરીને તેમની પીડા સમજે તે જરૂરી છે. મોદીને રાહુલ ગાંધીએ અપીલ કરતા કહ્યું હતું કે, પોતે ખેડૂતોની નુકસાન પામેલા પાકને નિહાળે તે જરૂરી છે. એનડીએની સરકારમાં આજે ખેડૂતોની વ્યાપક અવગણના થઈ રહી છે. દેશના ખેડૂતોએ વિકાસ માટે આધાર આપ્યો છે પરંતુ સરકારે લઘુત્તમ સમર્થન મૂલ્ય પણ ઘટાડ્યા નથી. રાહુલે કહ્યું હતું કે, અચ્છે દિનની સરકાર ફ્લોપ રહી છે. લોકસભામાં પાકને થયેલા નુકસાનના સંદર્ભમાં રાહુલ ટિપ્પણી કરી રહ્યા હતા. ૧૬મી લોકસભામાં રાહુલે પ્રથમ વખત નિવેદન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે રાહુલ ગાંધીએ વિશાળ કિસાન રેલીને સંબોધી હતી. ખેડૂતોના હાથ મજબૂત કરીને દેશને મજબૂત કરી શકાય છે. રાહુલે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, અચ્છે દિનની સરકાર દરમિયાન કૃષિ વિકાસ દર માત્ર એક ટકા રહ્યો છે. અનાજ મંડીમાં જ છે પરંતુ કોઈ વ્યક્તિ ખરીદવા માટે તૈયાર નથી. યુરિયાની અછત પ્રવર્તી રહી છે પરંતુ ખેડૂતો લાઠીચાર્જનો શિકાર થઈ રહ્યા છે. રાહુલે પોતાના સંબોધનમાં કહ્યુંહતુ કે, યુપીએ સરકાર દરમિયાન કૃષિ વિકાસદર ૪.૨ ટકા હતો. ભારતની સાઈનિંગ સરકાર દરમિયાન ૨.૬ ટકા હતો. વર્તમાન સરકારે ઘઉંના એમએસપી માત્ર ૧૦ રૂપિયા વધાર્યા છે. મોટા કૃષિ નિષ્ણાતો માની રહ્યા છે કે, કમોસમી વરસાદથી ૧૮૦ લાખ હેક્ટર જમીનને નુકસાન થયું છે પરંતુ વડાપ્રધાન ૧૦૬ લાખ હેક્ટરની વાત કરી રહ્યા છે.

## લિબિયામાં બાનમાં પકડેલ ૩૦ ખ્રિસ્તી લોકોની હત્યા

લંડન,તા. ૨૦

ઈરાક અને સિરિયાના કેટલાક ભાગોમાં પ્રભુત્વ ધરાવનાર ખતરનાક ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ દ્વારા વધુ એક વિડિયો જારી કરવામા આવતા ખળભળાટ મચી ગયો છે. આ વિડિયોમાં લિબિયામાં બાનમાં પકડી લેવામાં આવેલા આશરે ૩૦ ઈથોપિયન ખ્રિસ્તીની ઘાતકી હત્યા કરતા દર્શાવવામાં આવતા વિશ્વમાં ચિંતાનુ મોજુ પણ ફરી વળ્યું છે. ઈસ્લામિક સ્ટેટે વધુ એક વાર તેની તાકાત દર્શાવી છે. આ ૨૯ મિનિટના વિડિયોમાં ત્રાસવાદીઓ દ્વારા બે જુથમાં બાનમાં રાખવામાં આવેલા લોકોને દર્શાવવામાં આવ્યા છે. કાળા માસ્કમાં રહેલા એક યુવાન દ્વારા પિસ્તોલ દર્શાવીને પોતાના નિવેદનમાં ખ્રિસ્તી લોકોને ઈસ્લામને સ્વીકારી લેવા ધમકી આપવામાં આવી રહી છે. ત્યારબાદ વિડિયોમાં બુરખાધારી શખ્સો દ્વારા એક બીચ પર આશરે ૧૨ લોકોની એક સાથે હત્યા કરતા દર્શાવવામાં આવે છે. તમામના માથા કાપી નાંખવામાં આવ્યા છે. બીજા એક ભાગમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના જુથને સમૂહમાં રણ વિસ્તારમાં ગોળી મારતા દર્શાવવામાં આવ્યા છે. હત્યા પહેલા વિડિયોમાં દર્શાવવામાં આવ્યું છે કે કઈ રીતે તેમને ઈસ્લામ ધર્મ સ્વીકારી લેવા અને ખાસ કર ચુકવી દેવા માટેના વિકલ્પ આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈસ્લામિક સ્ટેટ દ્વારા અગાઉ પણ આવા કેટલાક ખતરનાક વિડિયો જારી કરવામાં આવ્યા છે જેમાં કેટલાક લોકોની સમૂહમાં હત્યા કરતા દર્શાવવામાં આવ્યા છે. વિશ્વભરમાં આ બનાવની નોંધ લેવામાં આવી છે. જો કે આ લોકોને ક્યારેય બાનમાં પકડી લેવામાં આવ્યા હતા તે સંબંધમાં કોઈ માહિતી આપવામાં આવી નથી. ઈસ્લામિક સ્ટેટ સામે અમેરિકા સહિતના કેટલાક દેશો હાલ જંગ ખેલી રહ્યા છે.

## મોદી ૨૬ એપ્રિલના દિવસે લોકો સાથે ફરી ચર્ચા કરશે

નવી દિલ્હી,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી એપ્રિલના દિવસે તેમના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતના ભાગરૂપે લોકો સાથે વાતચીત કરનાર છે. મોદીએ સોશિયલ નેટવર્કિંગ સાઈટ મારફતે આજે આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતું કે તેઓ મન કી બાત કાર્યક્રમને લઈને ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. જો કે આ વખતે તેઓ ક્યા વિષય પર વાત કરનાર છે તેની કોઈ વાત કરી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે દેશના વડાપ્રધાન બન્યા બાદ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં મોદીએ તેમના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાત કાર્યક્રમની શરૂઆત કરી હતી. મોદી હજુ સુધી જુદા જુદા વિષય પર ચર્ચા કરી ચુક્યા છે. જેમા કાળા નાણા, પરીક્ષા અને ખેડુતોના મુદ્દાનો સમાવેશ થાય છે. મોદીના આ કાર્યક્રમને લોકો ખુબ ધ્યાનથી સાંભળી રહ્યા છે. સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મનકી બાત કાર્યક્રમ પહેલા લોકો રેડિયો શરૂ કરી દે છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ આ કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો છે. મોદી જમીન અધિગ્રણને લઈને ભારે વિવાદ થયા બાદ આ વિષય પર લોકો અને ખાસ કરીને ખેડુતો સાથે ચર્ચા કરી હતી. ખેડુતોને જમીન બિલમાં રહેલી જોગવાઈ અંગે વાત કરી હતી. સાથે સાથે ખેડુતોના હિત માટે સરકાર કામ કરી રહી હોવાની વાત કરી હતી. હાલમાં મોદી સરકાર ખેડુતોના મુદ્દાને લઈને ખાસ કરીને જમીન અધિગ્રહણ અને કમોસમી વરસાદ થયા બાદ ખેડુતોને વળતરની ચુકવણીને લઈને ટિકાનો સામનો કરી રહ્યા છે. જો કે મોદી કહી ચુક્યા છે કે ખેડુતો માટે હાલમાં જેટલા પગલા લેવામાં આવ્યા છે તેટલા પગલા અગાઉ ક્યારેય લેવાયા ન હતા. સંસદના બજેટ સત્રના બીજા તબક્કામાં પણ હવે મોદી જમીન બિલને લઈને વિવાદનો સામનો કરી શકે છે.

### વૈશ્વિક ધરતીમૈયા દિન ૨૦૧૫

(પાના નં. ૪ નું ચાલુ)

૬. વાતચીત જાળવી રાખીએ: આપણી પ્રવર્તમાન મૌખિક અને લેખિત પરસ્પર સંવાદ કેળવવાની પદ્ધતિનો ઉપયોગ ચાલુ રાખીને સ્ટાફને દરેક તબક્કે શક્ય કામગીરીમાં ગૂંથી રાખીએ. આ કાર્યક્રમોનો પ્રારંભ કરીને તેનો અમલ ચાલુ રાખવા માટે ઈન્ટરનેટ, વેબસાઈટ, બેઠકો, ઈ-મેઈલ્સ, અને પોસ્ટર્સ જેવા માધ્યમોનો વ્યાપક ઉપયોગ કરીએ.

૭. સકારાત્મક વલણ રાખીએ: નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ કાર્યક્રમોના અમલમાં જોડાતા લોકોની તમામ નાનામાં નાની કામગીરીનો ઉલ્લેખ કરીને તેમનો ઉત્સાહ વધારીએ.

૮. કાર્યોને વ્યક્તિગત બનાવીએ: નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ બનાવવા માટે જે લોકોએ નોંધપાત્ર કાર્યો કર્યા હોય તેનો ઉલ્લેખ કરીને, તેઓના નામ જોગ વ્યક્તિગત દાખલા આપીએ.

૯. સ્ટાફે લેવાના ચોક્કસ પગલાં વિકસાવીએ: રોજબરોજના કાર્યો પ્રત્યેની સ્ટાફની વર્તણૂકમાં થોડો ફેરફાર કરવાથી કેવી રીતે તેઓ નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ વિશેષ યોગદાન આપી શકે તેમ છે, તેની સ્વયં સ્પષ્ટ વિગતવાર સૂચનાઓ આપીએ.

૧૦. હાંસલ કરેલ સફળતાઓની અન્યોને જાણ કરીએ: સ્ટાફ, માલ પૂરવઠો પૂરો પાડનાર ઠેકેદાર, આપણી ગ્રીન ટીમ, સંદેશાવ્યવહાર ટીમ, તેમજ સિનિયર મેનેજર્સ સહિતના આપણા હિત ધારકો સાથે નિયમિતપણે સંવાદ જાળવી રાખીએ. જે જે વ્યક્તિઓએ આપણા કાર્યક્રમમાં ભાગ લીધો હોય, તે દરેકની સાથે આપણે મેળવેલ સફળતાઓની ઉજવણી કરીએ.

૧૧. લોકોને અચંબો પમાડીએ: પરસ્પર સંવાદોમાં ક્યારેક લોકોને અચંબો પમાડવાની પદ્ધતિ સર્વોત્તમ ગણાય છે. જો આપણે પોસ્ટર્સ અને ઈ-મેઈલથી કંટાળી ગયા હોતો, આર્ટ ઈન્સ્ટોલેશન અથવા સ્ટાફ પિકનિક, વગેરે જેવા વિભિન્ન કાર્યક્રમો અચાનક યોજીને લોકોને અચંબો પમાડીએ.

૧૨. કામગીનીની પ્રગતિનું મોનીટરીગ કરીએ: નિષ્પ્રભાવી મોસમ વ્યૂહરચનાને સાનુકૂળ કરવા સબબ આપણે હાંસલ કરેલ સફળતાઓની યાદી તૈયાર કરીને આપણા અસલ હેતુઓની યાદી સાથે તુલના કરીને મોનીટરીગ કરીએ.

## જમ્મુ-શ્રીનગર હાઈવેને ફરી ખોલી દેવાતા રાહત

શ્રીનગર,તા. ૨૦

જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને એક તરફથી ટ્રાફિક માટે ફરી ખોલી દેવામાં આવતા લોકોને રાહત થઈ છે. હાલમાં આ રાજમાર્ગને બંધ કરવામાં આવતા ૬૦૦ જેટલા વાહનો અટવાઈ પડ્યા હતા. ખીણમાં જીવન જરૂરી પુરવઠો લઈને જઈ રહેલા વાહનો અટવાઈ પડતા લોકોની હાલત કફોડી બની ગઈ હતી. શ્રીનગરથી જમ્મુ તરફ જતાં વાહનોને હવે મંજુરી આપવામાં આવી રહી છે. રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર રવિવારના દિવસે અંધાધૂંધીની સ્થિતિ જોવા મળી હતી. લાંબી લાઈનો વાહનોની જોવા મળી હતી. જમ્મુ-શ્રીનગર હાઈવેને ખીણમાં સપ્લાય લાઈફલાઈન તરીકે ગણવામાં આવે છે. હિમવર્ષા અને વરસાદના પરિણામ સ્વરુપે વારંવાર આ રાજમાર્ગને બંધ રાખવામાં આવે છે. ૩૦૦ કિલોમીટર લાંબા રાજમાર્ગને શિયાળાના મહિનાઓમાં મોટાભાગે બંધ રાખવામાં આવે છે. અટવાઈ પડેલા વાહનોમાં મોટી સંખ્યામાં યાત્રી વાહનો પણ હોવાનું જાણવામળ્યું છે. હવે એક બાજુથી ટ્રાફિક ખુલી ગયા બાદ ટ્રાફિકની સ્થિતિમાં સુધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

## ભારતીય મનોરંજન ઉદ્યોગનુ કદ ૨૨૭૨ અબજ સુધી જશે

નવી દિલ્હી,તા. ૨૦

ભારતમાં મનોરંજન અને મિડિયા ઉદ્યોગનુ કદ વર્ષ ૨૦૧૮ સુધી ૨૨૭૨ અબજ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતા દેખાઇ રહી છે. આજે જારી કરવામાં આવેલા પીડબલ્યુસી-સીઆઇઆઇ અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૩માં ભારતીય મનોરજંન અને મિડિયા ઉદ્યોગ દ્વારા રેવેન્યુરૂપે ૧૧૨૦ અબજ ઉભા કરવામાં આવ્યા હતા. જે દર્શાવે છે કે અગાઉના વર્ષની સરખામણીમાં તેમાં ૧૯ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. સૌથી મોટા વર્ગ ભારતના ટેલિવીઝન ઉદ્યોગમાં સ્થિતી વધારે મજબુત બની રહી છે. તેમાં રેવેન્યુનો આંકડો વર્ષ ૨૦૧૨માં ૩૬૬ અબજ રૂપિયા હતો જે વધીને વર્ષ ૨૦૧૩માં ૪૨૦ અબજ ડોલર થઇ ગયો છે. ડિઝીટીજેશનની પ્રક્રિયાના લીધે આ સ્થિતી સર્જાઇ છે. વાર્ષિક ગ્રોથ રેટના મામલે ઇન્ટનેટ અને ઇન્ટરનેટ એડમાં સૌથી વધુ વધારો થઇ રહ્યો છે.

આમાં વાર્ષિક ગ્રોથ રેટ ક્રમશ ૪૭ ટકા અને ૨૬ ટકાની આસપાસ છે. જ્યારે ટેલિવીઝન સેક્ટરમાં ગ્રોથ વર્ષ ૨૦૧૮ સુધી ૮૪૬ અબજ રૂપિયા સુધી પહોંચી શકે છે. રેડિયો સેક્ટરમાં ગ્રોથ ૧૭ ટકાની આસપાસ રહે તેમ માનવામાં આવે છે. ફિલ્મ ઉદ્યોગે ૧૨૬ અબજ રૂપિયાનુ યોદગાન આપ્યું છે. તેમાં ગ્રોથ રેટ ૧૩ ટકાનો રહ્યો છે. સ્થાનિક અને વિદેશી બજારોમાં હાલ રકમમાં વધારો થઇ રહ્યો છે. સાથે સાથે કેબલ અને સેટેલાઇટ અધિકારો મારફ્તે જંગી ક્માણી થઇ રહી છે. મ્યુઝિક સેક્ટરમાં ગ્રોથ રેટ પ્રમાણમાં ઓછો રહ્યો છે. તેમાં ગ્રોથ રએટ ૧૩ ટકા રહ્યો છે. વર્ષ ૨૦૧૮ સુધી ગ્રોથ આંકડો ૨૨ અબજ રૂપિયા સુધી પહોંચી શકે છે. જે વર્ષ ૨૦૧૩માં ૧૨ અબજ રૂપિયા હતો. પ્રિન્ટની હિસ્સેદારી સતત ઘટી રહી છે. ટીવી સેક્ટરની બોલબાલા વધી રહી છે. આવનાર દિવસોમાં પણ આ સ્થિતિ રહે તેવી શક્યતા છે.

## ભારત પાકિસ્તાનના દુશ્મન નંબર વન તરીકે છે : સઈદ

પેશાવર,તા. ૨૦

જમાત ઉદ દાવાના નેતા હાફીઝ સઈદે ભારત સામે ફરી ઝેર



ઓક્યુ છે. ભારત સામે વારંવાર ટિકાટિપ્પણી માટે જાણિતા રહેલા પ્રતિબંધિત સંગઠન જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઈદે કહ્યું છે કે, ભારત પાકિસ્તાનના દુશ્મન નંબર વન તરીકે છે. પેશાવરમાં એક રેલીને સંબોધતા હાફીઝ સઈદે ધમકી આપી હતી કે, ભારત પાકિસ્તાનના નંબર વન ટાર્ગેટ તરીકે છે. ભારત સામે જેહાદને તીવ્ર બનાવવાની રજૂઆત કરી હતી. સાથે સાથે પાકિસ્તાની સેનાને મદદ કરવાની પણ ખાતરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડાક દિવસ પહેલા જ હાફીઝ સઈદે ખુલ્લામાં કહ્યું હતું કે, તેમના સંગઠને ભારત સામે જેહાદ છેડીને કાશ્મીરી લોકોની મદદ કરવામાં પાકિસ્તાનની સેનાની મદદ કરી છે. સઈદની ટિપ્પણીથી સાબિત થાય છે કે, પાકિસ્તાનની સરકાર અને સેના એક સાથે દેખાઈ રહી છે અને તેને મદદ પણ કરી રહી છે. ચેનલ ૨૪ને આપેલી એક મુલાકાતમાં હાલમાં જ હાફીઝ સઈદે કહ્યું હતું કે, અમે પાકિસ્તાન, પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાની સેનાને કાશ્મીરના લોકોની મદદ કરવાના પ્રયાસમાં ટેકો આપીએ છીએ. સઈદ ભારત વિરોધી ટિકાટિપ્પણી માટે હંમેશા જાણિતા રહેલા છે. ભૂતકાળમાં પણ ભારત સામે આ પ્રકારના આક્ષેપો કરી ચુક્યા છે. ગયા વર્ષે હાફીઝ સઈદે પેશાવરમાં કરવામાં આવેલા સ્કુલ હુમલામાં ભારતનો હાથ હોવાનો આક્ષેપ કરીને સઈદે ખળભળાટ મચાવી દીધો હતો. આ આતંકવાદી હુમલામાં ૧૫૦ લોકોના મોત થયા હતા. મોડેથી આ હુમલાની જવાબદારી તાલિબાને સ્વીકારી હતી. ગયા વર્ષે જ ટ્વિટરે તેમના એકાઉન્ટને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. કારણ કે મોટાભાગના તેમના ટ્વિટ ઉશ્કેરણીજનક અને આતંકવાદી હિંસાને પ્રોત્સાહન આપે તેવા હતા. અમેરિકા દ્વારા હાફીઝ સઈદ ઉપર ૧૦ મિલિયન ડોલરનું ઈનામ પણ જાહેર કરવામાં આવી ચુક્યુંછે. પાકિસ્તાનમાં એક રેલીમાં હાફીઝ સઈદ જાહેરમાં દેખાયો તે બાબત ભારે ચિંતા ઉપજાવે તેવી છે. પાકિસ્તાનમાં તેની ગતિવિધિ યથાવતરીતે જારી રહી છે.

## ડોલરની માંગ : રૂપિયામાં ૫૫ પૈસાનો થયેલો ઘટાડો


મુંબઈ,તા. ૨૦

રેટ્રોસ્પેક્ટિવ કરવેરાથી વિદેશી મૂડીરોકાણકારો અને ભારતીયબજાર ઉપર અસર જોવા મળી છે ત્યારે આજે સતત ચોથા દિવસે શેરબજારમાં મંદી વચ્ચે રૂપિયામાં પણ અફડાતફડી રહી હતી. રૂપિયો એક મહિનાથી પણ વધુ સમયમાં સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. આજે રૂપિયો ૫૫ પૈસા ઘટીને ૬૨.૯૧ની સપાટીએ રહ્યો હતો. ભારે મૂડી પ્રવાહના કારણે આ સ્થિતિ રહી હતી. બેંકો અને આયાત કારો તરફથી નવસેરથી ડોલરની માંગ જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારના દિવસે અમેરિકી ડોલર સામે રૂપિયો ૬૨.૩૬ની સપાટીએ રહ્યો હતો. ૧૬મી ડિસેમ્બર બાદથી રૂપિયો ઈન્ટ્રા ડે દરમિયાન સૌથી વધુ ઘટ્યો હતો. આજે રૂપિયો સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નબળી શરૂઆત થવાના પરિણામ સ્વરુપે ૬૨.૫૫ની સપાટીએ ખુલ્યો હતો.

## યાદવ-ભૂષણને કમિટિમાં વિશ્વાસ જ નથી : એએપી

નવીદિલ્હી,તા. ૨૦

આમ આદમી પાર્ટીની કારણદર્શક નોટિસનો પ્રશાંત ભૂષણે આક્રમકરીતે




જવાબ આપ્યા બાદ બે જુથ વચ્ચે ફરી ખેંચતાણ અને આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે. એએપીના પ્રવક્તા આશુતોષે આજે આક્ષેપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, બળવાખોર નેતાઓ પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવને પક્ષ દ્વારા રચવામાં આવેલી કમિટિમાં વિશ્વાસ નથી. તેઓ મજાક સમાન બની ગયા છે. આવા પ્રકારના આક્ષેપો કરવામાં આવે છે ત્યારે હાસ્યાસ્પદ દેખાય છે. આશુતોષે કહ્યું હતું કે, આશીષ ખેતાનને તેમના પત્રકારત્વ અંગે મિડિયાના પ્રમાણપત્રની કોઈપણ જરૂર નથી. તેમનુ નેતાઓની તરફેણમાં પાર્ટી મજબૂતરીતે છે. આશુતોષે કહ્યું હતું કે, પાર્ટીના સાંસદ ધરમવીર ગાંધી સહિતના કેટલાક લોકો તેમની રજૂઆત કરી ચુક્યા છે.

સ્વરાજ સંવાદ કાર્યક્રમ આયોજિત કરવા અંગે પ્રશ્નના જવાબમાં એએપીએની ટીકા કરી છે. પેઈડ ન્યુઝ લખવાનો આશીષ ખેતાન ઉપર આક્ષેપ કરવામાં આવ્યા બાદ એએપીની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. આવનાર દિવસોમાં પણ એએપી અને બળવાખોર નેતાઓ વચ્ચે આક્ષેપબાજીનો દોર જારી રહે તેવી શક્યતા છે.

## ઈન્ડોનેશિયા ૬ની તીવ્રતાના આંચકાથી ફરીથી હચમચ્યું

જાકાર્તા,તા. ૨૦

ઈન્ડોનેશિયાના પશ્ચિમી સુમાત્રા દ્વીપમાં આજે ૬ની તીવ્રતા સાથે પ્રચંડ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અમેરિકાના જીયોલોજીકલ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ભૂકંપનો આંચકો ખુબ જ પ્રચંડ હતો પરંતુ આના લીધે સુનામીની કોઈપણ ચેતવણી જારી કરવામાં આવી નથી. જાનમાલના નુકસાનના પણ કોઈ સમાચાર મળ્યા નથી. દરિયામાં તેનું કેન્દ્ર હોવાથી વધારે તેની અસર જોવા મળી ન હતી. દરિયામાં કેન્દ્ર ધરાવનાર ભૂકંપનું કેન્દ્ર પાટનગર જાકાર્તાથી ૫૦૦ કિલોમીટર પશ્ચિમે સ્થિત હતું. વિશ્વના સૌથી વધુ ભૂકંપ પ્રભાવિત વિસ્તારો પૈકીના એક તરીકે ઈન્ડોનેશિયાને ગણવામાં આવે છે. વારંવાર ઈન્ડોનેશિયામાં પ્રચંડ ભૂકંપના આંચકા અનુભવાય છે. આજે સુમાત્રાના કેટલાક ભાગોમાં આંચકાથી લોકો હચમચી ઉઠ્યા હતા. ઈન્ડોનેશિયા પેસિફિક રિંગ ઓફ ફાયર ઉપર સ્થિત છે. અહીં કોન્ટીનેન્ટલ પ્લેટ વારંવાર અથડાતી



રહે છે જેના પરિણામ સ્વરુપે વારંવાર ભૂકંપ સાથે સંબંધિત પ્રવૃત્તિ અને જ્વાળામુખી ફાટવાની ઘટનાઓ જોવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૪માં ઈન્ડોનેશિયામાં વિનાશકારી ધરતીકંપ આવ્યો હતો જેના પરિણામ સ્વરુપે સુનામીનું મોજુ ફરી વળતા ૧૨થી વધુ દેશોમાં લાખો લોકોના મોત થઈ ગયા હતા. ભારતીય દરિયાકાંઠા ઉપર પણ તેની અસર જોવા મળી હતી.

શ્રીલંકા, થાઈલેન્ડ, મલેશિયા સહિતના દેશો ભૂકંપ અને સુનામીના સકંજામાં આવી ગયા હતા. સુમાત્રા નજીક આવેલા દ્વિપમાં દોઢ લાખથી વધુના મોત થયા હતા. ઈન્ડોનેશિયા ઉપરાંત અન્ય કેટલાક દેશો પણ એવા છે જે દેશોમાં ભૂકંપની પ્રવૃત્તિ અને જ્વાળામુખીની પ્રવૃત્તિ વારંવાર જોવા મળે છે જેમાં જાપાનનો પણ સમાવેશ થાય છે. ન્યુઝીલેન્ડ અને કેરેબિયન દ્વિપમાં પણ વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. જો કે, સૌથી વધુ પ્રભાવિત ઈન્ડોનેશિયાને ગણવામાં આવે છે.